# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જયદીપ વૈષ્ણવ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૨૩-૦૬-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## કચ્છમાં પોલીયો રસીકરણ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'બાળ લકવા નાબૂદી અભિયાન-૨૦૨૪' અન્વયે નેશનલ ઇમ્યુનાઈઝેશન ડે અંતર્ગત રાજ્યવ્યાપી પોલિયો વિરોધી રસીકરણનો ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો હતો.

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા આ અભિયાન અંતર્ગત શૂન્યથી ૫ વર્ષની વય જૂથના ૮૩ લાખ ૭૨ હજારથી વધુ ભૂલકાઓને આવરી લેવાનું આયોજન છે.

કચ્છ જિલ્લામાં પોલીયો અભિયાન અન્વયે આજે જિલ્લાના કુલ ચાર લાખ અઠ્યાશી હજાર બસો અઠ્ઠાણું ઘરોના 0 થી 5 વર્ષના અંદાજિત ત્રણ લાખ સતર હજાર બાળકોને પોલિયો ડોઝ આપવાનો લક્ષ્યાંક રખાયો હતો.આ માટે જિલ્લા આરોગ્ય શાખા તરફથી પોલીયોના 1384 બૂથનું આયોજન કરાયું હતું.બસ સ્ટેશન,રેલ્વે સ્ટેશન અને હાઈવે પર પણ ટ્રાન્સઝીસ્ટ પોલીયો બુથ ઉભા કરાયા હતા.આરોગ્ય વિભાગની ૨૭૬૮ ટીમ રસીકરણની કામગીરીમાં જોતરાઈ હતી.સોમ અને મંગળવારે ઘર-ઘર રસીકરણ કરવામાં આવશે.

**RNU અમદાવાદ**

---

## પ્રધાનમંત્રી-મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 30 જૂનનાં રોજ આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ વિદેશનાં લોકો સાથે પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાની અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ માટે લોકો ટોલ ફ્રીનંબર 1800-11-7800 પર તેમના વિચારો અને સૂચનો 28 મી તારીખ સુધીમાં નરેન્દ્ર મોદી એપ અથવા માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા મોકલી શકશે.

**RNU અમદાવાદ**

---

## કચ્છ-વરસાદ :

રાજ્યમાં લંબાયેલું નૈઋત્યનું ચોમાસુ હવે ધીરે-ધીરે દક્ષિણ અને મધ્ય વિસ્તારમાં હાજરી પુરાવી રહ્યું છે.પરંતુ કચ્છમાં હજુ સુધી મેઘ પધરામણી ના થતા ગરમી અને ઉકળાટમાં વધારો નોંધાઈ રહ્યો છે.દરમ્યાન આજે માંડવી તાલુકાના નાની અને મોટીભાડઈ વિસ્તારમાં ગરમી અને ઉકળાટ બાદ ભારે ઝાપટું વરસ્યું હતું.અબડાસા તાલુકાના મોથાળા અને નરેડીમાં પણ ઝાપટું વરસતાં માર્ગો પર પાણી વહી નીકળ્યા હતા.નાના દિનારા અને ખાવડામાં સાંજે ધીરી ધારે વરસાદ પડ્યો હોવાનું નાના દિનારાના ફઝલ અલી સમાએ જણાવ્યું હતું.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## નલિયા કોલેજ :

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા ખાતે ચાલુ સત્રથી કોલેજ મંજૂર થઈ છે.સરકારી કોમર્સ એન્ડ આર્ટસ કોલેજમાં હાલ પ્રથમ મેરીટ લીસ્ટ બહાર પડ્યું છે

જેમાં 198 વિદ્યાર્થીઓના નામ યાદીમાં આવ્યા છે.પ્રવેશ પ્રક્રિયા ચાલુ થઈ જતા તાલુકાના છેવાડાના વિદ્યાર્થીઓ કૉલેજમાં રૂબરૂ આવી રહ્યા છે પ્રવેશ મેળવનારામાં વિદ્યાર્થિનીઓની સંખ્યા વધારે છે.પ્રથમ મેરીટ લીસ્ટ બાદ હજુ બીજું મેરીટ લીસ્ટ બહાર પડશે એટલે કોલેજમાં એડમિશન લેનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થશે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## લોક અદાલત :

કચ્છભરની અદાલતોમાં યોજાયેલી લોકઅદાલતમાં મુકાયેલા અંદાજે 28 હજાર કેસ પૈકી 12661નો નિકાલ કરાયો હતો અને 61.19 કરોડની વસૂલાત થઈ હતી.આ લોકઅદાલતમાં લગ્ન વિષયક તકરારના કેસો, સમાધાન કરી શકાય તેવા ફોજદારી કેસો, નજીવા ગુનાના કેસો, દિવાની દાવાઓ જેવા કે, લેણી રકમના દાવા, દરખાસ્તો,સમાધાનની શકયતા જણાઈ આવે તેવા બીજા દાવાઓ,મોટર અકસ્માત વળતરની અરજીઓ વગેરે 28 હજાર કેસ મુકાયા હતા,તેમાંથી 12661નો નિકાલ કરાયો હતો.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## ભુજ-નેત્રમ સિદ્ધિ :

વિશ્વાસ નેત્રમ પ્રોજેક્ટ અંતર્ગત ભુજ શહેરમાં લગાવેલા સીસીટીવી કેમેરા મારફતે ગુના શોધનમાં ફરી એકવાર સિદ્ધિ મળી છે.ગુનાનો ભેદ ઉકેલવામાં ભુજ નેત્રમ ગુજરાતમાં બીજા નંબરે છે.રાજ્યમાં 1 જાન્યુઆરીથી 31 માર્ચ દરમ્યાન કેમેરાનો ઉત્કૃષ્ઠ ઉપયોગ કરી કેસ ઉકેલવામાં થયેલી સફળ કામગીરીનુ મુલ્યાંકન

કરી ભુજ નેત્રમને શોધ કેટેગરીમાં ગુજરાત રાજ્યમાં બીજો નંબર આપવામાં આવ્યો છે.આ ત્રિમાસિક સમયગાળા દરમ્યાન કેમેરાની મદદથી 81 ગુના ઉકેલવામાં આવ્યા હતા.જેમાં ચોરીના 22,અકસ્માતના 17,ગુમવ્યક્તિ,મોબાઈલ,પર્સ,પાર્સલ અન્ય ચીજવસ્તુના 19 તથા અન્ય 23 કેસનો સમાવેશ થાય છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## <u>ભુજ-બરેલી રેલ્વે :</u>

રેલવેના જયપુર ડિવિઝનમાં અલવર-રેવાડી સેક્શનના અંડરપાસના બાંધકામ માટે બ્લોકને કારણે, ભુજ-બરેલી-ભુજ એક્સપ્રેસ ટ્રેન 26 જૂનના પરિવર્તિત માર્ગ પર દોડશે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---